# Career Counselling & Development Centre
## Saurashtra University, Rajkot

CCDC

104, 1st Floor, Academic Centre,
B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot-360 005
Ph. : 0281-2587144, ccdcsauuni@yahoo.co.in

Re-Accredited
Grade A by NAAC

Dr. N.A. SHAH
Co-Ordinator


Ref.:
Date: 06/11/2015

---

# પ્રેસનોટ

**સી.સી.ડી.સી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો રાજ્ય કક્ષાનો અભિગમ...**
**શારીરિક વિકલાંગ (પર્સન વીથ ડીસેબીલીટી) વિદ્યાર્થીઓ માટે યોજાશે...**
**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમનો સ્પેશ્યલ વર્ગ...**
**સ્ટાફ સિલેકશનની કેન્દ્ર સરકારની ૧૨૨ જગ્યાઓ માટે ૪૦ કલાકની સઘન તાલીમનું વિશિષ્ટ આયોજન...**

---

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સી.સી.ડી.સી.નાં માધ્યમથી સૌરાષ્ટ્ર વિસ્તારનાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા માટે સતત માર્ગદર્શક કાર્યશાળાઓ અને ૩૦ થી ૩૦૦ કલાકનાં વિવિધ તાલીમવર્ગોનું આયોજન થાય છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં આ પ્રકલ્પને કારણે સૌરાષ્ટ્ર વિસ્તારનાં અનેક વિદ્યાર્થીઓની મહેનત, સી.સી.ડી.સી.ના તજજ્ઞોનું સચોટ માર્ગદર્શન, ઉચ્ચ ગુણવતાયુક્ત વાંચનાલયની સુવિધા અને સી.સી.ડી.સી.નાં સ્ટાફની રાઉન્ડ ધી કલોક સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગેની છણાવટનાં કારણે ઉત્તરોઉત્તર વિદ્યાર્થીઓ માફત સફળતાનાં સીમાચીહ્નોનાં નોંધવાય રહ્યાં છે. યુનિવર્સિટીનાં કુલપતિશ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ, કુલસચિવશ્રી ડૉ. ધીરેનભાઈ પંડયા અને સિન્ડીકેટ સદસ્યોનાં સતત પ્રોત્સાહન વર્ધક પ્રયત્નોનાં કારણે "ટીમ સી.સી.ડી.સી." ઉત્સાહપૂર્વક વિવિધ આયોજન મારફત યુવાવર્ગને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા માટે તૈયાર કરી રહી છે. રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ પરીક્ષાઓમાં "પર્સન વીથ ડીસીબીલીટી" (PWD) માટેની જગ્યાઓ હોય છે. આ વિદ્યાર્થીઓને વિશિષ્ટ સુવિધા આપી શકાય તે શુભ હેતુ સાથે તાજેતરમાં કેન્દ્ર સરકારની સ્ટાફ સિલેકશન કમિશનની અંદાજિત ૧૨૨ જેટલી શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓની ભરતીની જાહેરાતનાં અનુસંધાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સી.સી.ડી.સી.નાં માધ્યમથી તા. ૨૧, નવેમ્બર–૨૦૧૫ શનિવારથી ૪૦ કલાકનાં વીક એન્ડ (શનિ–રવિ) તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવેલ છે.

આ તાલીમ વર્ગમાં શનિ–રવિ સવારે ૯ થી ૧ (૪ કલાક) સ્ટાફ સિલેકશનની વિવિધ જગ્યાઓ માટેનાં અભ્યાસક્રમ અંગ્રેજી, જનરલ અવેરનેસ, રીઝનીંગ, ન્યુમેરીકલ એપ્ટીટયૂડ વિગેરે વિષયોની સઘન તાલીમ આપવામાં આવનાર છે. ઉપરોક્ત તાલમવર્ગમાં જોડવા ઈચ્છતા ઉમેદવારોએ તા. ૨૦–૧૧–૨૦૧૫ સુધીમાં ૧૦૪, એકેડેમિક સેન્ટર, પ્રથમ માળ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે ભરવાનું જણાવાયેલ છે.

પ્રતિ,
તંત્રીશ્રી ,
ઉપરોકત માહિતિ વિદ્યાર્થીઓના લાભાર્થે આપના પ્રસિધ્ધ દૈનિકમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.
આભાર સહ,

for, [signature]
Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)